ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪,
ટેલિગ્રામ : યુનિગુજ-રાત

FAX : (079) 26302654
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Grams : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

**(NAAC Accredited B++)**
**www.gujaratuniversity.org.in**

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY,
POST BOX NO. 4010, NAVRANGPURA,
AHMEDABAD-380009 (INDIA).

**નં. પરીક્ષા/૨-અ/BEd/૫૬૩૧૬/૨૦૧૨** **તા.૧૯-૧-૨૦૧૨**

**પરિપત્ર નં. : ૧૮**

ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ બી.એડ્. તથા બી.એડ્. (G.B.T.C.)ની કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીના બી.એડ્. સેમેસ્ટર-૨માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના પરીક્ષાના પ્રિ-પ્રિન્ટેડ આવેદનપત્રો ભરવાના થાય છે. આપની કૉલેજ / સંસ્થામાં સેમેસ્ટર-૨ના પ્રિ-પ્રિન્ટેડ પરીક્ષા ફોર્મ ભરી યાદી બનાવી અને ફી સાથે આ કાર્યાલયને તા. ૨-૦૨-૨૦૧૨ સુધીમાં જમા કરાવવાનું જણાવવામાં આવે છે. ત્યારબાદ માન. કુલપતિશ્રીના આદેશ સિવાય કોઈ જ પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. પ્રિ-પ્રિન્ટેડ આવેદનપત્રો આ સાથે મોકલી આપવામાં આવે છે.

**પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્તરીતે પાલન કરવા વિનંતી છે.**

(૧) પરીક્ષા ફી પેટે વિદ્યાર્થીદીઠ રૂ. ૬૩૫/- જમા કરાવવાના રહેશે. જેમાં રૂ. ૨૫/- પરીક્ષા ફોર્મની ફી, રૂ. ૨૦૦/- થીયરી પરીક્ષાની ફી, રૂ. ૧૫૦/- પ્રેક્ટિકલ (લેશન) ફી અને રૂ. ૨૬૦/- ડિગ્રી ફીનો સમાવેશ થાય છે.

(૨) સદર પરીક્ષા ફોર્મ સ્કેન કરવાના હોવાથી વિદ્યાર્થીઓ પાસેથી સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરમાં ભરવાના રહેશે. જેમાં વિષયના કોડ અને વિષયો સ્પષ્ટ વંચાય તે રીતે લખવા વિધાર્થીઓને સુચના આપવી.

(૩) પરીક્ષા, ડિગ્રીની ફી ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ/પેઓર્ડર, **કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯**. ના નામનો કઢાવીને મોકલી આપવાનો રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટ/પેઓર્ડર બેન્ક કમિશન બાદ કરીને કઢાવવાનો રહેશે. ચેક કોઈ પણ સંજોગોમાં ચાલશે નહીં.

(૪) **પ્રી-પ્રિન્ટેડ પરીક્ષાના આવેદનપત્રમાં દર્શાવેલ વિદ્યાર્થીના સરનામામાં ખાસ ખરાઈ કરવાની રહેશે. કારણ કે, સદર વિદ્યાર્થીઓને પદવી પ્રમાણપત્ર તેઓને આજ સરનામા પર યુનિવર્સિટી દ્વારા પદવીદાન સમારંભ બાદ મોકલવામાં આવશે. જો સરનામામાં કોઈ ભૂલ જણાય તો તેની બાજુની જગ્યામાં સુધારો કરી લખવાનો રહેશે.**

(૫) **પરીક્ષા ફોર્મમાં નીચેની વિગતો સ્પષ્ટરીતે ભરવી.**

(ક) કોલમ નં. ૧૨(A) કોર્સ કોડના ખાનામાં વિદ્યાર્થીએ રાખેલ Special Field Aના વિષયનો ત્રાણ આંકડા નો માત્ર કોડ લખવાનો રહેશે. જ્યારે કોડ સબ્જેક્ટના બોક્ષમાં ૫૧૦, ૫૧૧, ૫૧૨ પૈકી રાખેલ વિષય કોર્સ ની સામેના ખાનામાં ટીક (√) કરવાની રહેશે.

[P.T.O.

(ખ) કોલમ નં. ૧૨(C) કોર્સ કોડના ખાનામાં વિદ્યાર્થીએ રાખેલ Elective Paper Cના વિષયનો ત્રાણ આંકડા નો માત્ર કોડ લખવાનો રહેશે. જ્યારે કોડ સબ્જેક્ટના બોક્ષમાં ૫૦૧, ૫૦૨, ૫૦૩, ૫૦૪ અને ૫૦૫ પૈકી રાખેલ વિષય કોર્સ ની સામેના ખાનામાં ટીક (√) કરવાની રહેશે.

(ગ) કોલમ નંબર ૧૩માં પસંદગીની ભાષામાં Mediumના ખાનામાં ટીક (√) કરવાની રહેશે. તથા વિદ્યાર્થીએ પોતાની સહી કરવાની રહેશે.

(ઘ) વિદ્યાર્થીએ ભરેલ તમામ વિગતો તથા પ્રી-પ્રિન્ટેડ ફોર્મમાં છપાયેલ વિગતો કૉલેજે ચકાસ્યા બાદ આચાર્યશ્રીના સહી-સિક્કા કરીને જમા કરાવવાના રહેશે.

(ચ) **પરીક્ષા ફોર્મ સ્કેન કરવાના હોવાથી તેને પંચિંગ કે કાણું પાડવું નહીં અને સ્ટેપલર પીન લગાવવી નહીં. તેમજ સીરિયલ નંબર મુજબ ક્રમમાં ફોર્મ પ્લાસ્ટિકના કવરમાં ૫૦ના બંચમાં મોકલવાના રહેશે. જેથી ફોર્મ ફાટી કે ચોળાઈ ન જાય, જો ફોર્મ તે રીતે નહિ હોય તો સ્વીકારવામાં આવશે નહીં.**

(છ) પ્રી-પ્રિન્ટેડ પરીક્ષા ફોર્મમાં જો કોઈ સુધારા હોય તો તેવા ફોર્મ અલગ બંચમાં મોકલવાના રહેશે.

(જ) પ્રી-પ્રિન્ટેડ પરીક્ષા ફોર્મમાં વિદ્યાર્થીઓના પ્રથમ સેમેસ્ટરના સીટ નંબરો પ્રિન્ટેડ કરવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓના પ્રથમ સેમેસ્ટરના આવેદનપત્ર કે ફી ભરેલ ન હોય તેવા વિદ્યાર્થીઓના સીટ નંબરના ઉલ્લેખ નથી. તેથી જો આવા વિદ્યાર્થીએ સેમેસ્ટર ૧ અને ૨માં બેસવા માંગતા હોય તો તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો અલગ બંચમાં મોકલી આપવા.

(ઝ) પ્રી-પ્રિન્ટેડ પરીક્ષા ફોર્મ સાથે નીચે દર્શાવ્યા મુજબના ફોર્મેટમાં વિદ્યાર્થીની અલગ યાદી બનાવીને આપવી.

કૉલેજનું નામ :.............................................................................. કૉલેજ કોડ :........................

| Sr. No. | Seat No. | Students Name | Method I | Method II | Remarks |
|---|---|---|---|---|---|

આભાર સહ.

**(જિતેન્દ્ર લીલાણી)**
પરીક્ષા નિયામક